તારીખ : 08/07/2026

# અમરેલીમાં રેડ એલર્ટ વચ્ચે તંત્ર હાઈ એલર્ટ

## કલેક્ટરની ફાયર સ્ટેશન મુલાકાત, NDRF સ્ટેન્ડબાય; 100થી વધુ લોકોનું સફળ રેસ્ક્યુ



અમરેલી જિલ્લામાં હવામાન વિભાગ દ્વારા જાહેર કરાયેલા રેડ એલર્ટને ધ્યાનમાં રાખીને સમગ્ર વહીવટી તંત્ર હાઈ એલર્ટ પર મુકવામાં આવ્યું છે. જિલ્લાના વિવિધ વિસ્તારોમાં સતત વરસાદની સ્થિતિને ધ્યાનમાં રાખીને જિલ્લા કલેક્ટરે ફાયર સ્ટેશનની મુલાકાત લઈ બચાવ અને રાહત કામગીરીની તૈયારીઓની સમીક્ષા કરી હતી.

કલેક્ટરની અધ્યક્ષતામાં યોજાયેલી સમીક્ષા બેઠકમાં ફાયર વિભાગ, પોલીસ, મહેસૂલ, આરોગ્ય સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં સંભવિત પૂર જેવી પરિસ્થિતિનો સામનો કરવા માટે જરૂરી તમામ વ્યવસ્થાઓ, બચાવ સાધનો, માનવબળ અને તાત્કાલિક પ્રતિસાદ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

અમરેલી જિલ્લાના ધારી અને સાવરકુંડલા વિસ્તારમાં કોઈપણ આપત્તિજનક પરિસ્થિતિમાં તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી શકાય તે માટે NDRFની ટીમોને સ્ટેન્ડબાય રાખવામાં આવી છે. ઉપરાંત ફાયર વિભાગની ત્રણ ટીમોને પણ વિવિધ સંવેદનશીલ વિસ્તારોમાં તૈનાત રાખવામાં આવી છે.તાજેતરમાં વરસાદી પરિસ્થિતિ દરમિયાન જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી 100થી વધુ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડી સફળતાપૂર્વક રેસ્ક્યુ કરવામાં આવ્યું છે.

તંત્ર દ્વારા સતત પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે અને જરૂરિયાત મુજબ તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી રહી છે.જિલ્લા વહીવટી તંત્રએ નાગરિકોને અપીલ કરી છે કે ભારે વરસાદ દરમિયાન નદી, નાળા, જળાશયો તેમજ નીચાણવાળા વિસ્તારોમાં જવાનું ટાળે, બિનજરૂરી મુસાફરી ન કરે અને તંત્ર દ્વારા આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરે. કોઈપણ ઈમરજન્સી પરિસ્થિતિમાં તાત્કાલિક નિયંત્રણ કક્ષાનો સંપર્ક કરી તંત્રને સહયોગ આપવા પણ અનુરોધ કરવામાં આવ્યો છે.

તારીખ : 08/07/2026

# અમરેલી જિલ્લા પોલીસ અને SOGનો નશાબંધી અંગે જનજાગૃતિ અભિયાન

## યુવાધનને નશામુક્ત જીવન જીવવાનો સંદેશ, સમાજમાં જાગૃતિ લાવવા વિશેષ કાર્યક્રમ યોજાયો



અમરેલી જિલ્લા પોલીસ અને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) દ્વારા સમાજના યુવાધન તથા સામાન્ય નાગરિકોમાં નશાબંધી અંગે જાગૃતિ લાવવાના હેતુથી વિશેષ જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમ દરમિયાન નશીલા પદાર્થોના સેવનથી વ્યક્તિ, પરિવાર અને સમગ્ર સમાજ પર થતી ગંભીર અસરો અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ખાસ કરીને યુવાધનને નશાના દૂષણથી દૂર રહી સ્વસ્થ, સુરક્ષિત અને જવાબદાર જીવન જીવવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા.પોલીસ અધિકારીશ્રીઓએ જણાવ્યું હતું કે, નશામુક્ત સમાજનું નિર્માણ માત્ર કાયદાકીય કાર્યવાહીથી નહીં પરંતુ લોકોમાં જાગૃતિ અને જનસહભાગિતાથી જ શક્ય બને છે. તેથી સમાજના દરેક વર્ગે નશાના દૂષણ સામે અવાજ ઉઠાવી આવા સામાજિક અભિયાનોમાં સક્રિય સહભાગી બનવું જોઈએ.કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત નાગરિકો અને યુવાનોને નશીલા પદાર્થોથી દૂર રહેવા તેમજ પોતાના પરિવાર, મિત્રો અને સમાજને પણ નશામુક્ત બનાવવા માટે સંકલ્પ લેવડાવવામાં આવ્યો હતો.અમરેલી જિલ્લા પોલીસ દ્વારા ભવિષ્યમાં પણ નશાબંધી, સાયબર સુરક્ષા, ટ્રાફિક જાગૃતિ સહિત વિવિધ સામાજિક વિષયો પર જનજાગૃતિ કાર્યક્રમો યોજી લોકોમાં કાયદા પ્રત્યે જાગૃતિ અને સામાજિક જવાબદારીની ભાવના વધુ મજબૂત બનાવવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

તારીખ : 08/07/2026

# ભારે વરસાદ વચ્ચે લાઠી પોલીસની ત્વરિત કામગીરી : ઈજાગ્રસ્ત બાળકનું રેસ્ક્યુ, ૫૦ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડાયા








અમરેલી જિલ્લામાં સતત વરસી રહેલા ભારે વરસાદ વચ્ચે લાઠી પોલીસ દ્વારા સમયસર અને માનવતાભરી કામગીરી હાથ ધરવામાં આવી હતી. લાઠી તાલુકાના ચાવંડ ગામમાં ભારે વરસાદના કારણે એક મકાન અચાનક ધરાશાયી થતાં તેમાં એક બાળક ઈજાગ્રસ્ત થયું હતું.ઘટનાની જાણ થતાં જ લાઠી પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખી JCBની મદદથી રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું અને ઈજાગ્રસ્ત બાળકને સલામત રીતે બહાર કાઢવામાં આવ્યું હતું. ત્યારબાદ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેને તાત્કાલિક સારવાર માટે દવાખાને ખસેડવામાં આવ્યું હતું.આ ઉપરાંત, સતત વરસાદ અને જોખમી પરિસ્થિતિને ધ્યાનમાં રાખી ચાવંડ ગામના આશરે ૫૦ લોકોને સુરક્ષિત રીતે સ્થળાંતર કરાવી ગામની પ્રાથમિક શાળામાં રાખવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. પોલીસ તેમજ સ્થાનિક તંત્ર દ્વારા અસરગ્રસ્ત લોકોની સુરક્ષા અને જરૂરી સુવિધાઓ માટે સતત દેખરેખ રાખવામાં આવી રહી છે.લાઠી પોલીસની ઝડપી કાર્યવાહી, સતર્કતા અને માનવતાભર્યા અભિગમના કારણે સંભવિત મોટી જાનહાનિ ટાળી શકાયી હતી. આ કામગીરીને સ્થાનિક નાગરિકોએ પણ બિરદાવી હતી.

કે.ડી. NEWS

તારીખ : 08/07/2026

# ઓપરેશન સુરક્ષિત સાયબર સ્પેસ અંતર્ગત અમરેલીમાં વિદ્યાર્થીઓ માટે સાયબર અવેરનેસ કાર્યક્રમ યોજાયો



**અમરેલી જિલ્લા પોલીસ દ્વારા "ઓપરેશન સુરક્ષિત સાયબર સ્પેસ" અંતર્ગત પોલીસ અધિક્ષક શ્રી સંજય ખરાત સાહેબના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ કમાણી સાયન્સ એન્ડ પ્રતાપરાય આર્ટ્સ કોલેજ, અમરેલી ખાતે વિદ્યાર્થીઓ માટે સાયબર અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.**

કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને હાલના સમયમાં વધી રહેલા સાયબર ગુનાઓ, ઓનલાઈન છેતરપિંડી, ફિશિંગ, OTP ફ્રોડ, સોશિયલ મીડિયા સુરક્ષા, ડિજિટલ પેમેન્ટમાં રાખવાની સાવચેતી તેમજ વ્યક્તિગત માહિતીની સુરક્ષા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.વિદ્યાર્થીઓને કોઈપણ શંકાસ્પદ ફોન કોલ, મેસેજ અથવા ઓનલાઈન લિંક પર વિશ્વાસ ન રાખવા તેમજ સાયબર ગુનાનો ભોગ બન્યાની સ્થિતિમાં તાત્કાલિક 1930 સાયબર હેલ્પલાઈન અથવા નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા અપીલ કરવામાં આવી હતી.આ કાર્યક્રમનો મુખ્ય હેતુ યુવાનોમાં સાયબર સુરક્ષા અંગે જાગૃતિ લાવવાનો અને સુરક્ષિત ડિજિટલ વ્યવહાર માટે જરૂરી સમજણ વિકસાવવાનો હતો. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા કોલેજના પ્રિન્સીપાલ શ્રી તથા પ્રાધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.



નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 08/07/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# Happy Birthday



# વિજયસિંહ વાઘેલા

## ક્ષત્રિય સમાજ અગ્રણી અને શહેર ભાજપના પૂર્વ મહામંત્રી

તારીખ : 08/07/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# ગુજરાત મોબાઈલ - સાવરકુંડલા

## લઈને આવ્યું છે અત્યાર સુધીની સૌથી મોટી ધમાકા ઓફર...

**ગુજરાત મોબાઈલ દ્વારા કોઈપણ મોબાઈલની ખરીદી ઉપર કસ્ટમરને બે બેસ્ટ મેગા ઓફર આપવામાં આવી રહી છે.**




### પ્રથમ ઓફર

### કેશ ડીસ્કાઉન્ટ

આપને રૂા. 100 થી લઈને રૂા. 10,000 સુધીનું કેશ ડીસ્કાઉન્ટ અવશ્ય મળશે..

### બીજી ઓફર

### શ્યોર ગીફ્ટ કુપન

જે ગીફ્ટ કુપનમાં કસ્ટમરને શ્યોર ગીફ્ટ આપવામાં આવશે.




શ્યોર ગીફ્ટ જેવી કે વોશીંગ મશીન, ફ્રીઝ, ટી.વી. એરકુલર, ગોવા ટ્રીપ તેમજ બ્લુટુથ હેન્ડ્સફ્રી, બ્લુટુથ સ્પીકર, એરબર્ડસ, પાવરબેંક, મિકસર, ટ્રોલીબેગ અને એનાથી પણ વિશેષ ઘણુ બધું આપવામાં આવશે.

**આ તકનો લાભ ચુકશો નહીં..... પછી કહેતા નહીં કે રહી ગયા...**

મોબાઈલ તો બધે જ મળે પણ અમારા જેવો ફાયદો કયાંય નહીં મળે...

## ગુજરાત મોબાઈલ

| નિલેશભાઈ (હરસિધ્ધિ મોબાઈલ) | ચિરાગભાઈ (હરસિધ્ધિ મોબાઈલ) |
|---|---|
| મો. 84880 69777 | મો. 91048 28700 |

મણીભાઈ ચોક, પોસ્ટ ઓફીસ રોડ, સાવરકુંડલા.

કે.ડી. NEWS
તારીખ : 08/07/2026

# ભારે વરસાદ બાદ પીજીવીસીએલની યુદ્ધસ્તરની કામગીરી : 80થી વધુ ગામોમાં ફરી ઝળહળ્યું અજવાળું

## 370માંથી 368 ફીડર પૂર્વવત, 380થી વધુ વીજ થાંભલા પુનઃસ્થાપિત





અમરેલી જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી પડેલા ભારે વરસાદના કારણે અનેક વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાયો હતો. આ વિકટ પરિસ્થિતિમાં પી.જી.વી.સી. એલ. (P G V C L) ના અધિકારીઓ અને કર્મચારીઓએ દિવસ-રાત અવિરત મહેનત કરીને અસરગ્રસ્ત વિસ્તારોમાં ઝડપભેર વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવાની કામગીરી હાથ ધરી હતી.ભારે વરસાદના કારણે જિલ્લામાં કુલ 370 વીજ ફીડરમાંથી 368 ફીડરોને ફરી કાર્યરત કરવામાં આવ્યા છે. ઉપરાંત વરસાદથી નુકસાન પામેલા કુલ 397 વીજ થાંભલામાંથી 380થી વધુ થાંભલાઓનું પુનઃસ્થાપન સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે.પીજીવીસીએલની 192 ટીમોએ સતત મેદાનમાં રહી જોખમી પરિસ્થિતિ વચ્ચે કામગીરી કરીને જિલ્લાના 80થી વધુ ગામોમાં ફરીથી વીજળીનો પુરવઠો શરૂ કરાવ્યો છે.

ભારે વરસાદ, કાદવ અને પડકારજનક સંજોગો વચ્ચે પણ કર્મચારીઓએ પોતાની ફરજ પ્રત્યેની નિષ્ઠા અને સમર્પણનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.આ કામગીરીના પરિણામે હજારો ગ્રાહકોને ફરી નિયમિત વીજ પુરવઠો મળ્યો છે અને જનજીવન ઝડપથી પૂર્વવત બનવા લાગ્યું છે. પીજીવીસીએલના કર્મયોગીઓની તત્પરતા, ટીમવર્ક અને સેવાભાવને બિરદાવવામાં આવી રહ્યા છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 08/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## નિયમિત મળશે!

## ડૉ. સુહાની રહીશભાઈ સવટ

### B.D.S. ડેન્ટલ સર્જન

# ભારત ડેન્ટલ કેર & ઈમ્પ્લાન્ટ સેન્ટર

પહેલો માળ, જનરલ મેડિકલ સ્ટોર, નદી બજાર, સાવરકુંડલા

સવારે 9 થી સાંજે 8 સુધી

**સુવિધાઓ :**

- દાંતની તપાસ અને સફાઈ
- રુટ કેનાલ ટ્રીટમેન્ટ
- દાંતના ઈમ્પ્લાન્ટ
- બ્રિજ, કેપ્સ & સ્માઈલ ડિઝાઈન
- પેઈનલેસ ટ્રીટમેન્ટ
- બાળકોના દાંતની સારવાર
- પોર્ટેબલ એક્સરે વડે નિદાન



**મો. 94088 27867**

કે.ડી NEWS

તારીખ : 08/07/2026

# ઉનાના પૂરગ્રસ્ત ગામોમાં ૧,૦૬૨ ફૂડ પેકેટનું વિતરણ, બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થાની સેવાકીય કામગીરી



ઉના તાલુકામાં છેલ્લા બે-ત્રણ દિવસથી સતત પડેલા ભારે વરસાદને કારણે ગાંગડા, માલણ અને ખત્રીવાડા ગામોમાં પૂર જેવી પરિસ્થિતિ સર્જાઈ હતી. આ મુશ્કેલ સમયમાં પૂરગ્રસ્ત પરિવારોને તાત્કાલિક રાહત મળી રહે તે હેતુથી બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, મહુવાના સહયોગથી સેવાકીય કામગીરી હાથ ધરવામાં આવી હતી.આ સેવા કાર્ય અંતર્ગત ઉના, ટીંબી, ઉટવાડા અને ગાંગડા મંડળના હરિભક્તોએ માનનીય મામલતદાર (ઉના) શ્રી બી. કે. ભીમાણીના માર્ગદર્શન હેઠળ પૂરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચી અસરગ્રસ્ત પરિવારોને કુલ ૧,૦૬૨ ફૂડ પેકેટોનું વિતરણ કર્યું હતું.સંસ્થાના સેવાભાવી હરિભક્તોએ જરૂરિયાતમંદો સુધી સમયસર ભોજન પહોંચાડીને માનવસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. સ્થાનિકોએ પણ આ સેવાકીય કામગીરીને બિરદાવી સંસ્થાનો આભાર વ્યક્ત કર્યો હતો.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 08/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# અમરેલી જિલ્લામાં વરસાદી કહેર

તારીખ : 08/07/2026

# ખેતરો ધોવાયા, બિયારણ તણાયા; ખેડૂતોને મોટો આર્થિક ફટકો





## જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ચોડવડિયા અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે...

અમરેલી જીલ્લામાં પડેલ ભારે વરસાદ ને પગલે મોટાભાગના તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતોની ખેતીની જમીનમાં મોટાપાયા નુકશાન પહોંચ્યું છું અનેક ગામોમાં ખેડૂતોની જમીનમાં પાણીના પ્રવાહ થી જમીનને ધોવાણ થયું છે ખેતીના પાળાઓ પાણીના પ્રવાહના કારણે તૂટી ગયા છે વરસાદ પહેલા અમુક વિસ્તારોમાં ખેડૂતો આગોતરું વાવેતર કરી નાખ્યું હતું ભારે વરસાદ ને કારણે ખેડૂતો એ કરેલા બિયારણ ધોવાઈ આર્થિક મોટો ફટકો પડ્યો છેઅમરેલી જીલ્લાના તમામ તાલુકામાં અનરાધાર વરસાદ ખાબક્યો હતો અનેક ગામોમાં વરસાદી પાણીમાં ખેતરો જળમગ્ન બન્યા હતા અનેક ખેડૂતોની જમીન સ્થાનિક નદીઓના પાણી ફરી વળતા ખેતરો ધોવાયા ગયા છે અમુક જગ્યાએ ભારે વરસાદ ને કારણે ખેતરોના પાળા તૂટી જતા ખેતરો ને મોટા પાયે નુકશાન પહોંચ્યું છે અમરેલી જિલ્લાના રાજુલા જાફરાબાદ ખાંભા ધારી સાવરકુંડલા લાઠી લીલીયા બગસરા વડીયા સહિત તમામ તાલુકા ભરમા ચોમાસા નો પ્રથમ વરસાદ અનરાધાર ખાબકતા ખેડૂતોને મોટાપાયે નુકસાન વેઠવાનો વારો આવ્યો છે ત્યારે ટીમ સાવરકુંડલાના ચરખડિયા ગામે પહોંચી અને ખેતીને થયેલા નુકસાન જાણવાના પ્રયાસ કર્યા અને ખેતરો ભારે વરસાદને કારણે ધોવાણ થયા છે ખાસ કરીને સાવરકુંડલા નો ચરખડિયા ગામ કે જ્યાં બીન પિયત વિસ્તાર હોવાથી ખેડૂતો ચોમાસા પહેલા આગોતરું વાવેતર કરી દેતા હોય છે પરંતુ ભારે વરસાદને કારણે ખેડૂતોના બિયારણ પણ નિષ્ફળ ગયા છે હાલ ખેડૂતોની માંગ છે સરકાર વહેલી તકે સર્વે કરાવે અને ખેડૂતોને મદદરૂપ થાય અમરેલી જિલ્લામાં વરસેલા ભારે વરસાદને પગલે રાજ નેતાઓએ સરકારને પત્ર લખી રજૂઆતો કરી છે રાત નેતાઓ પણ અસરગ્રસ્ત વિસ્તારોમાં નુકસાનીનો તાગ મેળવી રહ્યા છે જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ચોડ વડીયા અમરેલી જિલ્લાના ગ્રામ્ય પંથકોમાં ખેડૂતોને થયેલા નુકસાનનું નિરીક્ષણ કરી રહ્યા છે સાથોસાથ સાવરકુંડલાના ધારાસભ્ય મહેશ કસવાળાએ સરકારને પત્ર લખી ખેડૂતોને મદદરૂપ થવા પત્ર પાઠવી રજૂઆત કરી છે ત્યારે આ ચરખડિયા ગામના સરપંચે પોતાના ગામમાં થયેલા ખેડૂતોને નુકસાન અંગે પત્ર લખી સરકારને રજૂઆત કરી છે.



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 08/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :


કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. **94997 97973** માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



કે.ડી. NEWS
તારીખ : 08/07/2026

# કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલી દ્વારા "નેચરલ ફાર્મિંગ" વિષય પર રાષ્ટ્રીય ઓનલાઈન વ્યાખ્યાન યોજાયું

અમરેલી તા. ૦૮ જુલાઈ,૨૦૨૬ (બુધવાર) - ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલ સંલગ્ન કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલી દ્વારા એક મહત્વપૂર્ણ રાષ્ટ્રીય ઓનલાઈન વ્યાખ્યાન યોજાયું હતું. કૃષિ વિસ્તરણ વિભાગના મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક ડૉ. કે. વી. મશાલિયાએ "Natural Farming: A Pathway to Sustainable Agriculture" વિષય પર વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. આ સત્ર નવી દિલ્હીની 'એગ્રી મીટ ફાઉન્ડેશન' દ્વારા આયોજિત 30 દિવસીય સમર સ્કૂલ-કમ-ટ્રેનિંગ પ્રોગ્રામ "ANKURAN-2026" ના ૨૨મા દિવસે, તા. ૦૬/૦૭/૨૦૨૬ ના રોજ યોજાયું હતું. આ સમગ્ર આયોજન યુનિવર્સિટીના કુલપતિ પ્રો. (ડૉ.) સી. કે. ટીંબડીયાના માર્ગદર્શન હેઠળ થયું હતું. આ ઉપરાંત આચાર્ય ડૉ. પ્રભુ નાયકા અને ડૉ. એસ. પી. દેશમુખના નેતૃત્વમાં આ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. આ રાષ્ટ્રીય વેબિનારમાં દેશના વિવિધ રાજ્યોમાંથી ૧૫૦થી વધુ વરિષ્ઠ વૈજ્ઞાનિકો, કૃષિ અધિકારીઓ અને પ્રગતિશીલ ખેડૂતો જોડાયા હતા. કાર્યક્રમનું સફળ સંકલન ફાઉન્ડેશનના કોઓર્ડિનેટર ડૉ. રેવાંગીની રાંઝા દ્વારા કરાયું હતું.વ્યાખ્યાન દરમિયાન ડૉ. મશાલિયાએ પ્રાકૃતિક ખેતીના મૂળભૂત સિદ્ધાંતો અને ભારતીય કૃષિ પરંપરાનું વૈજ્ઞાનિક મહત્વ સમજાવ્યું હતું. તેમણે જમીનની ફળદ્રુપતા વધારવા માટે બીજામૃત, જીવામૃત, ઘનજીવામૃત, વાપસા અને આચ્છાદન (મલ્ચિંગ) જેવી પદ્ધતિઓ પર ભાર મૂક્યો હતો. રાસાયણિક ખેતીના વધતા ખર્ચ અને પર્યાવરણીય નુકસાન સામે પ્રાકૃતિક ખેતીને એકમાત્ર ટકાઉ વિકલ્પ ગણાવ્યો હતો. તેમના જણાવ્યા મુજબ, પ્રાકૃતિક ખેતી અપનાવવાથી જમીનની જૈવિક સક્રિયતા વધે છે અને પાણીનો કાર્યક્ષમ ઉપયોગ થાય છે. આ પદ્ધતિ ખેડૂતોને આત્મનિર્ભર બનાવી લાંબા ગાળે ખેતીને વધુ નફાકારક અને પર્યાવરણપ્રેમી બનાવે છે. સત્રના અંતે ઉપસ્થિત સહભાગીઓના પ્રશ્નોના યોગ્ય જવાબો આપવામાં આવ્યા હતા અને દેશભરમાં આ ખેતીનો વ્યાપ વધારવા અપીલ કરવામાં આવી હતી તેમ કૉલેજ ઑફ નેચરલ ફાર્મિંગ અમરેલીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

તારીખ : 08/07/2026


# ભારતીય ક્રિકેટર સૌરવ ગાંગુલીનો આજે જન્મદિવસ



ભારતીય ક્રિકેટના સૌથી સફળ કેપ્ટનોમાંના એક નો આજે જન્મદિવસ છે. 8 જુલાઈ, 1972ના રોજ માં જન્મેલા સૌરવ ગાંગુલીએ પોતાની શાનદાર બેટિંગ, નિર્ભય કેપ્ટનશિપ અને આક્રમક નેતૃત્વ દ્વારા ભારતીય ક્રિકેટને નવી દિશા આપી હતી. ક્રિકેટ ચાહકો તેમને પ્રેમથી "દાદા" તરીકે ઓળખે છે.ડાબોડી બેટ્સમેન તરીકે સૌરવ ગાંગુલીએ અનેક યાદગાર ઈનિંગ્સ રમી હતી. ખાસ કરીને ઓફ સાઈડ પર રમાતા તેમના આકર્ષક શોટ્સને કારણે તેમને "ગોડ ઓફ ધ ઓફ સાઈડ" તરીકે પણ ઓળખવામાં આવે છે. તેમની કેપ્ટનશિપ દરમિયાન ભારતીય ટીમે વિદેશી ધરતી પર પણ આત્મવિશ્વાસ સાથે જીત મેળવવાનું શરૂ કર્યું અને યુવા ખેલાડીઓને તક આપીને મજબૂત ટીમનું નિર્માણ કર્યું.સૌરવ ગાંગુલીના નેતૃત્વમાં ભારતે વર્ષ 2003ના ની ફાઈનલ સુધીની યાદગાર સફર કરી હતી. તેમણે , , ,  અને  જેવા અનેક પ્રતિભાશાળી ખેલાડીઓને પ્રોત્સાહન આપીને ભારતીય ક્રિકેટનું ભવિષ્ય ઘડવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું.આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ બાદ પણ સૌરવ ગાંગુલીએ ક્રિકેટ વહીવટમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેઓ ના અધ્યક્ષ તરીકે પણ સેવા આપી ચૂક્યા છે અને ભારતીય ક્રિકેટના વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે.

આજે તેમના જન્મદિવસ નિમિત્તે દેશ-વિદેશના ક્રિકેટપ્રેમીઓ, પૂર્વ અને વર્તમાન ક્રિકેટરો તેમજ વિવિધ ક્ષેત્રના લોકો તેમને શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે. તેમની સિદ્ધિઓ અને નેતૃત્વની પ્રેરણા ભારતીય ક્રિકેટના ઈતિહાસમાં સદાય અવિસ્મરણીય રહેશે.

નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 08/07/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




કલ્યાણ કોમ્પલેક્ષ, કલ્યાણેશ્વર મહાદેવ મંદિરની સામે, મહુવા રોડ, સાવરકુંડલા.
99041 41874 / 70961 31005

ક્રે.ક્રે NEWS

તારીખ : 08/07/2026

# મુસાફરો કૃપા કરીને ધ્યાન આપશો...

પૂર્વમાં રદ (Cancelled) જાહેર કરવામાં આવેલી ટ્રેન નંબર 12972 ભાવનગર ટર્મિનસ–બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસ (પ્રસ્થાન તારીખ 08.07.2026) હવે ફરીથી ચાલુ કરવામાં આવી છે.આ ટ્રેન 08 જુલાઈ 2026ના રોજ રાત્રે 10:30 વાગ્યે (22:30 વાગ્યે) ભાવનગર ટર્મિનસથી પ્રસ્થાન કરશે. ટ્રેન તેના નિર્ધારિત સમય કરતાં 4 કલાક મોડેથી રવાના થશે.તમામ મુસાફરોને વિનંતી છે કે મુસાફરી શરૂ કરતાં પહેલાં કૃપા કરીને NTES/રેલવેની અધિકૃત વેબસાઈટ અથવા રેલવે હેલ્પલાઈન 139 દ્વારા ટ્રેનની નવીનતમ રનિંગ સ્થિતિ (Running Status) અવશ્ય તપાસી લો.પશ્ચિમ રેલવે – ભાવનગર મંડળ આપની સુખદ અને સુરક્ષિત મુસાફરીની શુભેચ્છા પાઠવે છે.

તારીખ : 08/07/2026

# ભારે વરસાદ બાદ અમરેલી જિલ્લામાં વિકટ પરિસ્થિતિ: સાંસદ ભરત સુતરીયાએ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી





અમરેલી જિલ્લામાં પડેલા ભારે વરસાદ બાદ અનેક વિસ્તારોમાં વિકટ પરિસ્થિતિ સર્જાઈ છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં ભારે વરસાદના કારણે અનેક રસ્તાઓને નુકસાન પહોંચતાં વાહનવ્યવહાર ખોરવાયો હતો. આ પરિસ્થિતિ વચ્ચે અમરેલીના સાંસદ ભરત સુતરીયાએ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ સ્થિતિનો તાગ મેળવ્યો હતો.સાંસદ ભરત સુતરીયાએ શેડુભાર, હરીપર, અડતાળા અને લાઠી સહિતના વિસ્તારોની મુલાકાત લીધી હતી અને વરસાદના કારણે થયેલા નુકસાનનું સ્થળ પર નિરીક્ષણ કર્યું હતું. ગ્રામ્ય વિસ્તારોમાં અનેક રસ્તાઓ તૂટી જવાથી અથવા પાણી ભરાવાના કારણે બંધ થઈ ગયા હતા, જેના કારણે સ્થાનિક લોકોને અવરજવરમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો. મુલાકાત દરમિયાન બંધ થયેલા રસ્તાઓ ઝડપથી શરૂ કરવા માટે જેસીબી મશીનો મંગાવી તાત્કાલિક કામગીરી હાથ ધરવામાં આવી હતી. સાંસદ ભરત સુતરીયાના જણાવ્યા અનુસાર, જ્યાં જ્યાં રસ્તાઓ બંધ થયા છે ત્યાં તંત્ર દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે અને વાહનવ્યવહાર પૂર્વવત કરવા માટે જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે.

આ ઉપરાંત રેલવેના અંડરપાસમાં ભરાયેલા પાણી પણ તાત્કાલિક ધોરણે ખાલી કરાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

સાંસદે જણાવ્યું હતું કે તંત્ર દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં સતત કામગીરી કરવામાં આવી રહી છે અને મોટાભાગના બંધ રસ્તાઓ આજે સાંજ સુધીમાં શરૂ થઈ જાય તેવી શક્યતા છે.ભારે વરસાદ બાદ સર્જાયેલી પરિસ્થિતિમાં સાંસદ ભરત સુતરીયાએ ગ્રામ્ય વિસ્તારોની મુલાકાત લઈ સ્થાનિક પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું તેમજ રસ્તા અને પાણી ભરાવાની સમસ્યાઓના તાત્કાલિક ઉકેલ માટે સંબંધિત તંત્ર સાથે સંકલન કર્યું હતું.

પ્રકાશ પ્રિન્ટર્સ

પ્રચાર નહીં તો વ્યાપાર નહીં...

# તમારા બિઝનેસ લોગો અને ડિટેલ સાથે પોસ્ટર મેળવો

માત્ર 249 1 વર્ષ

7 આકર્ષક ડીફોલ્ટ ફ્રેમ + 1 કસ્ટમ ફ્રેમ (આપની ચોઈસની)

વોટ્સેપ + ફેઇસબુક + ઇન્સ્ટાગ્રામ + સ્ટેટસ માટે

સાથે મેળવો

અમરેલી જિલ્લાની વોટ્સેપ તેમજ કોલીંગ ડીરેક્ટરી અને આપનું પ્રિય પ્રકાશ મેળવો ....

દર મહિને ડ્રો કરી બે વિજેતાઓને (મેમ્બર્સશીપ લીધેલ) આકર્ષક ભેટ આપવામાં આવશે.

તો આજેજ ડાઉલોડ કરો આપનાં એન્ડ્રોઇડ મોબાઈલનાં પ્લેસ્ટોરમાં જઈને

PRAKASH PRINTERS

વધારે માહીતી માટે સંપર્ક - મો. 9409545745

તારીખ : 08/07/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



## એનિવર્સરી કેક - બેબીશાવર કેક - સગાઈ કેક
## ફોન્ડન્ટ કેક - મેક અપ કીટ કેક - ફોટો કેક

# અઢળક કેકની વેરાયટીઓ



## New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

**અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.**

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ ની તમામ આઈટમ મળશે..

તમને મળશે બધાથી અલગ
અને તે પણ આપના બજેટમાં

**લાઈવ કેક** માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં તેમજ ડેકોરેશનનું એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

# નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838



કે.ડી. NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
12K
Reactions and plays
1,526
1,23,873
76 00 76 80 76
Reactions and plays
1,573
1,22,466
Reactions and plays
821
1,03,175
શ્રી ગોકુલ જ્વેલર્સ
Vishwa karma Industrials
Reactions and plays
887
1,01,645
ghanshyam_gediya101_official and 2
94262 14180 - 98256 58758
Reels
Friends
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634
94,382
AR
ghanshyam_gediya101_official and 4
Reactions and plays
1,149
99,012
97227 72153-94084 54
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 08/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગુરૂદેવ કહે છે...

"દરેક રણમેદાન આખરે તો જેમ રુદનમેદાન બનીને જ રહે છે, પ્રત્યેક વ્યસનસેવન આખરે તો જેમ વ્યથાનું કારણ બનીને જ રહેતું હોય છે તેમ પ્રત્યેક નિંદકની નિંદાની પ્રવૃત્તિ આખરે તો એને ખુદને જ જગત વચ્ચે નિંદ્ય બનાવીને રહેતી હોય છે."




આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 08/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Shree Shivkrupanand Swami
**Year2026**


Gurutattva

**3447**
**08/07/2026**
**Wednesday**

## आत्मा

जिवन मे जितने समय
वर्तमान मे रहोगे इतना
ही निर्विचार रहोगे और
जितने समय निर्विचार
रहोगे इतना ही "आत्मा"
शुद्ध रहेगा।

बाबास्वामी
8/7/2026



'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
**Email :** swamiji.office@gurutattva.org,
**Telegram :** t.me/ShreeShivkrupanandSwami **Whatsapp :** Shivkrupanand Swami

તારીખ : 08/07/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગલગલીયા

**એક** ભાઈએ તેમના સાહેબને કીધું મારો પગાર વધારી આપો હવે મારા લગ્ન થયા છે તેમના સાહેબે જવાબ આપ્યો જો ભાઈ ઓફિસ બહારની દુર્ઘટના માટે કંપની કોઈપણ પ્રકારે જવાબદારી નથી લેતી.....

**એક** ભાઈએ ખાલી સહજતાથી શું પૂછી લીધું કે કેટલી પતંગ કાપી. ભાઈએ વક્તવ્ય આપ્યું કે અમને કોઈને ગળે મળીને ગળા કાપતા નથી આવડતું.....

**લગ્ન** પછી સાસુ જમાઈ ને ફોન પર -

શું ચાલે છે, કુમાર ?

જમાઈ - અરે અમારુ છોડો, તમારે તો હવે નિરાંત છે ને ?

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 08/07/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ૮ જુલાઈ
# મહત્વની ઘટનાઓ

૧૪૯૭ – વાસ્કો ડી ગામા (Vasco da Gama), યુરોપથી ભારતની સફરે આવવા નીકળ્યો.

૧૮૮૯ – વૉલ સ્ટ્રીટ જર્નલ (Wall Street Journal)નો પ્રથમ અંક પ્રકાશિત કરવામાં આવ્યો.

૨૦૧૧ – સ્પેસ શટલ એટલાન્ટિસ યુએસ સ્પેસ શટલ પ્રોગ્રામના અંતિમ મિશનમાં લોન્ચ કરવામાં આવ્યું.

**જન્મ**

૧૬૫૬ – ગુરુ હરકિશન, શિખ ધર્મના આઠમા ગુરુ (અ. ૧૬૬૪)

૧૯૧૨ – બાબુ બનારસી દાસ, ભારતીય રાજકારણી અને ઉત્તર પ્રદેશના ૧૧મા મુખ્યમંત્રી (અ. ૧૯૮૫)

૧૯૧૪ – જ્યોતિ બસુ (Jyoti Basu), ભારતીય રાજકારણી તેમ જ પીઢ સામ્યવાદી નેતા, પ. બંગાળ રાજ્યના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન. (અ. ૨૦૧૦)

૧૯૩૩ – અબ્દુલ હમીદ, ભારતીય ભૂમિસેનાની ગ્રેનેડિયર રેજિમેન્ટની ૪થી બટાલિઅનના પરમવીર ચક્ર વિજેતા સૈનિક (અ. ૧૯૬૫)

૧૯૪૯ – વાય. એસ. રાજશેખર રેડ્ડી, ભારતીય રાજકારણી, આંધ્રપ્રદેશના ૧૪મા મુખ્યમંત્રી (અ. ૨૦૦૯)

૧૯૫૮ – નીતુ સિંહ (Neetu Singh), ભારતીય અભિનેત્રી

૧૯૭૨ – સૌરવ ગાંગુલી (Sourav Ganguly), ક્રિકેટર, ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કપ્તાન

**અવસાન**

૧૮૨૨ – પર્સી બૅશી શેલી, અંગ્રેજી રૉમેન્ટિક કવિ, નાટ્યકાર અને વિવેચક (જ. ૧૭૯૨)

૧૯૮૨ – સરલાબહેન, અંગ્રેજ ગાંધીવાદી સામાજિક કાર્યકર (જ. ૧૯૦૧)

૨૦૦૭ – ચંદ્ર શેખર, ભારતીય વકીલ અને રાજકારણી, ભારતના ૯મા વડા પ્રધાન (જ. ૧૯૨૭)

તારીખ : 08/07/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## વ્યાપારી માટે




## હોલસેલ ભાવે

## નાની-મોટી

## ચીઠ્ઠી બુક

## વિદ્યાર્થીઓ માટે



## રફ ચોપડા

તેમજ

લખવા માટેની **કોરી પસ્તી**

SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 08/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

**94997 97973**

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 08/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

# સાળંગપુરના આજના દર્શન



આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

# કે.ડી ન્યૂઝ સાથે...




| Instagram | Facebook | YouTube | WhatsApp |
|---|---|---|---|
| 76K | 52K | 34K | 100K |

સંપર્ક : મો. 94997 97973